सत्यमेव जयते

GJMH010035212025

આંક-

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૧૮-૦૭-૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૮-૦૭-૨૦૨૫ |
| નિકાલ કર્યા તારીખ | ૦૮- ૦૪-૨૦૨૬ |
| સ મ ય ગા ળો | વર્ષ માસ દિવસ |
| | ૦૦ - ૦૮ - ૨૨ |

**મહેસાણા જિલ્લાની સત્ર અદાલત સમક્ષ,**
**મું.મહેસાણા.**
**શ્રી એ.એલ.વ્યાસ, સત્ર ન્યાયાધીશ.**
**જજમેન્ટ તારીખઃ- ૦૮- ૦૪-૨૦૨૬**
**સેશન્સ કેસ નં.૯૩/૨૦૨૫.**

**મહેસાણા શહેર "બી" ડીવી. પો.સ્ટે. ગુના રજીસ્ટર નંબર ફર્સ્ટ- ૨૦૬/૨૦૧૪.**
**ઈ.પી. કો. કલમ-૩૯૭, ૩૯૪, ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ**

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર<br>**પટેલ દિલીપભાઈ જયંતીભાઈ**<br>રહે. મહેસાણા,તા.જી.મહેસાણા. |
| ફરિયાદપક્ષ તરફે | વિ.એડી.પી.પી.શ્રી એસ.આર.પટેલ |
| આરોપીઓ | **૧. પટેલ અલ્પેશભાઈ કાંતીલાલ**<br>ઉ.વ.આ.૪૭,ધંધો-વેપાર,<br>**૨. પટેલ દિલીપભાઈ કાંતીલાલ**<br>ઉ.વ.આ.૫૦, ધંધો-વેપાર,<br>બંને રહે. મહેસાણા, તા.જી.મહેસાણા. |
| આરોપીઓ તરફે | વિ.વકીલશ્રી એન.આર.રાવલ |

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.

| | |
|---|---|
| | ફોર્મ–બી |
| ગુનો બન્યા તારીખ | ૧૪–૧૦–૨૦૧૪ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૧૫–૧૦–૨૦૧૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૮–૦૭–૨૦૨૫ |
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૧૭–૦૧–૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૭–૦૩–૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ---- |
| ચુકાદો આપ્યા તારીખ | ૦૮–૦૪–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | |

**આરોપીની વિગત**

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પટેલ અલ્પેશભાઈ કાંતીલાલ | ૨૮/૦૮/૨૦૨૪ | ૨૮/૦૮/૨૦૨૪ | ઈ.પી.કો. કલમ ૩૯૭, ૩૯૪, ૨૦૧, ૧૧૪ તથા જી. પી. એકટ ની કલમ ૧૩૫ મુજબ | છુટી ગયા | --- | --- |
| ૨ | પટેલ દિલીપભાઈ કાંતીલાલ | ૨૯/૧૧/૨૦૨૪ | ૨૯/૧૧/૨૦૨૪ | –ઉપર મુજબ– | છુટી ગયા | --- | --- |

**<u>–:: જજમેન્ટ :: –</u>**

(૧) હાલનો સેશન્સ કેસ **મહેસાણા શહેર "બી" ડીવી. પો.સ્ટે. ગુના રજીસ્ટર નંબર ફર્સ્ટ– ૨૦૬/૨૦૧૪ થી** દાખલ થયેલ પ્રથમ બાતમી અહેવાલ સંબંધેની તપાસ બાદ સંબંધીત તપાસ કરનાર અધિકારી પો.સ.ઈ. શ્રી એમ.એન.ભોળા દ્વારા દાખલ

કરવામાં આવેલ ચાર્જશીટ રજુ થતાં અત્રેની અદાલત સમક્ષ કમીટ થઇ આવતાં ઉપસ્થિત થયેલ છે.

**<u>ફરિયાદની વિગત</u>**

(૨) આ કામના ફરિયાદી દિલીપભાઈ જયંતીભાઈ પટેલ, ઉ.વ.આ.૩૦, ધંધો-વેપાર, રહે.મહેસાણા, તા.જી.મહેસાણા વાળાએ તારીખ ૧૫-૧૦-૨૦૧૪ ના રોજ પોલીસ અધિકારી રૂબરૂ આપેલ ફરિયાદની ટુંકમાં વિગત એવી છે કે,બનાવ તારીખ ૧૪-૧૦-૨૦૧૪ નારોજ કલાક ૧૯:૦૦ વાગ્યાના સુમારે મહેસાણા રાધનપુર રોડ, અરૂણનગર સોસાયટીના નાકે ફરિયાદી દિલીપભાઈ જયંતીભાઈ તેમની દુકાન ઉપરથી ચાલતા ઘરે જતા હતા તે દરમ્યાન આરોપી નં. ૧ નાએ ફરિયાદીના પાછળથી આવી બંને હાથ પગ પકડી તેમજ આરોપી નં. ૨ નાએ કુહાડીથી ફરીયાદીના પગે સાથળ ઉપર તથા ડાબા હાથની આંગળીઓ ઉપર ઘા મારી તેમજ ફરિયાદી ના પેન્ટના જમણી બાજુના ખીસ્સામાંથી રૂા.૨૫,૦૦૦/- કાઢી લઈ તેમજ આરોપી નં.૨ નાએ ફરિયાદીની સોનાની ચેઈન ડીઝાઈનવાળી ત્રણ તોલા કિંમત રૂા.૭૫,૦૦૦/- ની ઝુંટ મારી ખેંચી લઈ, લુંટ કરી નાસી જઈ તેમજ મહાવ્યથા કરવાની કોશીષ સાથે લુંટ કરી તેમજ પુરાવા ગુમ કરી અથવા પુરાવા અંગે ખોટી માહિતી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોય તે મતલબની ફરિયાદ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદીએ દાખલ કરેલ છે.

**<u>પોલીસ કાર્યવાહી અને ચાર્જશીટ અંગેની કાર્યવાહી</u>**

(૩) ફરિયાદીની ફરિયાદના આધારે હાલના આરોપીઓ વિરૂધ્ધ **મહેસાણા શહેર "બી" ડીવી. પો.સ્ટે. ગુના રજીસ્ટર નંબર ફસ્ટ- ૨૦૬/૨૦૧૪ થી ઈ. પી. કો. કલમ-૩૯૭,**

**૩૯૪, ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫** મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૪) ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લઈ ગુનાની તપાસ પી.એસ.ઓ.એ મહેસાણા શહેર "બી" ડીવી. પો.સ્ટે.ના પો.સ.ઈ.શ્રીને તપાસ સોપતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, જરૂરી પંચનામા કરેલ છે, મુદ્દામાલ કબજે લીધેલ છે તેમજ તપાસના અંતે જરૂરી પુરાવો મળતાં આરોપીઓ વિરૂધ્ધ ક્રિ. પ્રો.કોડની કલમ ૧૭૩(૨) મુજબ રીપોર્ટ એટલે કે ચાર્જશીટ મહેસાણાના વિ.ચીફ જયુડી. મેજી.શ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવતાં તેને **ફોજદારી કેસ નં. ૧૭૬૪૭/૨૦૨૫** થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**<u>કમીટલ અંગેની કાર્યવાહી</u>**

(૫) સદરહું ચાર્જશીટ મહેસાણાના વિ.એડી. ચીફ જયુડી. મેજી. શ્રીની કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારૂ આવતાં વિ.ટ્રાયલ કોર્ટે આક્ષેપીત ગુનો સેશન્સ ટ્રાયબલ ગુનો હોવાથી આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ સાથેના પોલીસ પેપર્સની નકલો પુરી પાડી ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૯ મુજબ કેસ કમિટ કરી સેશન્સ કોર્ટ મહેસાણાને મોકલી આપેલ છે.

(૫.૧) જે કેસ મળી જતાં મારા પુરોગામી વિદ્વાન સત્ર ન્યાયાધીશશ્રીએ ગુનાનું કોગ્નિઝન્સ લીધેલ છે અને કેસ રજીસ્ટરે લેવા હુકમ કરતાં તેને **સેશન્સ કેસ નં.૯૩/૨૦૨૫** આપવામાં આવેલ છે અને આરોપીઓ જામીન ઉપર મુકત હોય તેઓને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

**<u>ચાર્જફ્રેમઃ</u>**

(૬) આ કામે **આંક-૦૬**થી આરોપી વિરૂધ્ધ ગુનાનું તહોમતનામું ફરમાવેલું છે અને **આંક-૦૭ તથા આંક-૦૮** મુજબ

આરોપીઓની પ્લી નોંધેલ છે.જે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવતાં, સમજાવતાં આરોપીઓએ તહોમતનામાનો ઈન્કાર કરેલ છે અને ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે, જેથી આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૭) ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપ મુજબનું તહોમતનામું પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો:</u>**

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | પુરાવાની વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૯ | દિલીપભાઈ જયંતીભાઈ પટેલ | ફરિયાદી |
| ૨ | ૧૧ | જગદીશભાઈ કાંતીભાઈ પટેલ | નજરે જોનાર સાહેદ |
| ૩ | ૧૭ | રાજેશકુમાર ભવાનભાઈ ભટોળ | ત.ક.અધિકારી |

(૭.૧) આરોપી પક્ષે બચાવના કોઈપણ સાહેદ તપાસેલ નથી.

(૭.૨) કોર્ટ વિટીનેશ તપાસવામાં આવેલા નથી.

(૮) ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>દસ્તાવેજી પુરાવો:</u>**

| ક્રમ | આંક | જે સાહેદની જુબાનીમાં આંક રીફર થયેલા છે તે સાહેદની વિગત | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૦ | સાહેદ નં. ૧ | ફરિયાદ |
| ૨ | ૧૮ | સાહેદ નં. ૩ | દવાખાના વર્ધી રીપોર્ટ |
| ૩ | ૧૯ | સાહેદ નં. ૩ | ગુનો રજીસ્ટર કરવાનો રીપોર્ટ |
| ૪ | ૨૦ | સાહેદ નં. ૩ | ડેપ્યુટ હુકમ |
| ૫ | ૨૧ | સાહેદ નં. ૩ | ફરિયાદીનું સારવાર સર્ટીફીકેટ આપવા કરેલ રીપોર્ટ |

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.

| | | | |
|---|---|---|---|
| ૬ | ૨૨ | સાહેદ નં. ૩ | કલમ વધારાનો રીપોર્ટ |
| ૭ | ૨૩ | સાહેદ નં. ૩ | કલમ વધારાનો રીપોર્ટ |
| ૮ | ૨૪ | સાહેદ નં. ૩ | આરોપીની અટકની નોંધ કરવાનો રીપોર્ટ |
| ૯ | ૧૨ | કબુલ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૦ | ૧૩ | કબુલ | ફરિયાદીની શરીરસ્થિતીનું પંચનામું |
| ૧૧ | ૧૪ | કબુલ | ફરિયાદીનું સારવાર સર્ટીફીકેટ |
| ૧૨ | ૧૬ | કબુલ | ફરિયાદીનું સારવાર સર્ટીફીકેટ |

## ( ૮.૧ ) મટીરીયલ ઓબ્જેકટસ

| ક્રમ | મટેરીયલ ઓબ્જેકટસ | વર્ણન |
|---|---|---|
| NIL | | |

**ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન**

(૯) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થઈ જતાં વિ. એડી.પી.પી.શ્રીએ ક્લોઝીંગ પુરશીસ આંક–૨૫થી આપેલ છે. જેથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ જણાવેલ છે કે, " તેમની ઉપર હાલનો ખોટો કેસ કરેલ છે."

**(૧૦)** ત્યારબાદ સદર કામ બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો માટે રાખવામાં આવતા ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી એસ.આર.પટેલનાઓની દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વ.શ્રી એન.આર. રાવલની દલીલો સાંભળી.

**ફરિયાદપક્ષની દલીલોઃ–**

**(૧૧)** ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.આર.પટેલે મૌખિક દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે,આરોપીઓ વિરૂધ્ધ આંક–

૦૬ થી ઈ.પી. કો.કલમ ૩૯૭, ૩૯૪ વિગેરે મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.બનાવના દિવસે ફરિયાદી ચાલતા ઘરે જતા હતા ત્યારે આરોપી નં. ૧ નાએ ફરિયાદીના બંને હાથ-પગ પકડેલ અનેઆરોપી નં. ૨ નાએ કુહાડીથી પગે સાથળ ઉપર તથા ડાબા હાથની આંગળી ઉપર ઈજાઓ કરી ખિસ્સામાંથી રૂપિયા પચ્ચીસ હજાર કાઢી તેમજ સોનાની ચેઈન ત્રણ તોલાની કિંમત રૂા.૭૫,૦૦૦/-ની ઝુંટ મારી ખેંચી લઈ લુંટ કરી નાસી ગયેલ છે. ફરિયાદી તેમજ ઈજા નજરે જોનાર સાહેદે સમર્થન કરેલ નથી, પરંતુ ત.ક. અધિકારીશ્રીએ તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો આપેલ છે. તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાની સંપુર્ણ તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો પડતો હોઈ ચાર્જશીટ કરેલ છે.આમ,આરોપીઓ સામેનો કેસ ફરિયાદ પક્ષે પુરવાર કરેલ હોય આરોપીઓને દોષીત ઠરાવી કાયદામાં પ્રસ્થાપિત થયેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

**બચાવપક્ષની દલીલોઃ-**

(૧૨) જયારે **બચાવપક્ષે વિ.વકીલ શ્રી એન.આર.રાવલની** દલીલો છે કે,ફરિયાદી તથા બનાવના નજરે જોનાર સાહેદે ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આરોપીઓની ગુનાહીત કૃત્યમાં સંડોવણી હોવા અંગે પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પુરાવો રજુ થતો નથી. ફરિયાદી તથા નજરે જોનાર સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય ત્યારે પોલીસ અધિકારી કે જેઓએ તેમની ફરજના ભાગરૂપ કરેલ કાર્યવાહીનો પુરાવો આપેલ છે તે પુરાવો પણ આધારભુત ગણી આરોપીઓને ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ,આરોપીઓ સામેનો કેસ પુરવાર થતો ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે ક્રમપણે રજુઆત કરેલ છે.

**(૧૩)** ઉભય પક્ષની દલીલો સાંભળતાં અને રેકર્ડ તેમજ પુરાવો ધ્યાને લેતાં કેસના ન્યાયીક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: <u>મુદ્દાઓ</u> :-**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવ તારીખ ૧૪-૧૦-૨૦૧૪ નારોજ કલાક ૧૯:૦૦ વાગ્યાના સુમારે મહેસાણા રાધનપુર રોડ, અરૂણનગર સોસાયટીના નાકે ફરિયાદી દિલીપભાઈ જયંતીભાઈ તેમની દુકાન ઉપરથી ચાલતા ઘરે જતા હતા તે દરમ્યાન આરોપી નં. ૧ નાએ ફરિયાદીના પાછળથી આવી બંને હાથ પગ પકડી તેમજ આરોપી નં. ૨ નાએ કુહાડીથી ફરીયાદીના પગે સાથળ ઉપર તથા ડાબા હાથની આંગળીઓ ઉપર ઘા મારી તેમજ ફરિયાદી ના પેન્ટના જમણી બાજુના ખીસ્સામાંથી રૂા.૨૫,૦૦૦/-કાઢી લઈ તેમજ આરોપી નં. ૨ નાએ ફરિયાદીની સોનાની ચેઈન ડીઝાઈનવાળી ત્રણ તોલા કિંમત રૂા.૭૫,૦૦૦/- ની ઝુંટ મારી ખેંચી લઈ, લુંટ કરી નાસી જઈ તેમજ મહાવ્યથા કરવાની કોશીશ સાથે લુંટ કરી તેમજ પુરાવા ગુમ કરી અથવા પુરાવા અંગે ખોટી માહિતી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી **ઈ. પી. કો. કલમ-૩૯૭, ૩૯૪, ૨૦૧, ૧૧૪** મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

(૨) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવના અરસામાં હથિયારબંધીનું જાહેરનામું અમલમાં અને અસ્તિત્વમાં હતું અને તેનો જાણીજોઈને આરોપીએ ભંગ કરી કુહાડીનો ગુનામાં

ઉપયોગ કરી **જી.પી. એકટની કલમ ૧૩૫** મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે.?

(૩) શું હુકમ ?

**(૧૪)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**<u>-: નિ ર્ણ યો :-</u>**

**(૧) નકારમાં**

**(૨) નકારમાં**

**(૩) આખરી હુકમ મુજબ**

**(૧૫)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબના છે.

**<u>-: નિર્ણય માટેના કારણો :-</u>**

**(૧૬)** હવે ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ લેખિત/મૌખિક પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો,....

**<u>ફરિયાદીના પુરાવાની ચર્ચા</u>**

**(૧૭)** **સા. નં. ૦૧ (આંક-૦૯) થી દિલીપભાઈ જયંતીભાઈ પટેલને** તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં ફલીત થાય છે કે, બનાવ ૨૦૧૪ નારોજ સાહેદ તેમની નિલકંઠ સેનેટરી દુકાનેથી ચાલતા ઘરે જતા હતા ત્યારે સાંજના સાતેક વાગે રાધનપુર રોડ ઉપર જકાતનાકા નજીક તેમની અરૂણાનગર સોસાયટીના નાકે સાહેદના અગાઉના ભાગીદાર અલ્પેશભાઈ કાંતીલાલ તથા અલ્પેશભાઈના ભાગીદાર દિલીપભાઈ આવેલા અને સાહેદ સાથે દુકાનની ચર્ચા ચાલતી હતા ત્યારે ઘણા માણસો ભેગા થતાં ધક્કામુકી થતાં સાહેદને પડી જવાથી ઈજાઓ થયેલી અને સાહેદના ગળામાંની સોનાની ત્રણ તોલાની ચેઈન પડી ગયેલ તે કોણ લઈ ગયેલુ તેની તેમને

ખબર નથી.ઈજા થતાં સાહેદને મહેસાણા સિવિલ હોસ્પીટલમાં અને ત્યારબાદ ડો.કિરીટ પટેલના ત્યાં દાખલ કરેલ. બનાવ અનુસંધાને ફરીયાદ આપેલી, આંક–૧૦ ની ફરીયાદમાં સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આરોપીઓના હાથમાં કોઇ હથીયાર જોયેલું ન હોય હથિયાર ઓળખી શકે નહી. આરોપીઓ તેમના ભાગીદાર હોય ઓળખે છે. આમ, આ સાહેદ પોતે ફરિયાદી અને ઈજા પામનાર છે, પરંતુ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નહોય તેમને ફરિ ગયેલા જાહેર કરી પુછપરછ કરવા છતાં લેશમાત્ર સમર્થનકારી પુરાવો ફલીત થતો નથી.

(૧૭.૧) વધુમાં ઉલટતપાસમાં સ્વીકારેલ હકીકત પરથી પણ સ્પષ્ટ થાય છે કે, બનાવ વખતે ટોળુ ભેગુ થતાં ધક્કામુકીમાં પડી જતાં તેમને ઈજાઓ થયેલ. આરોપીઓએ તેમને મુદ્દામાલ હથિયારો વડે કોઈ માર મારેલ નથી તેમજ ડોકટર રૂબરૂ કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી કે ઈજા પહોંચાડનાર તરીકે આરોપીના નામ લખાવેલ નથી. આમ, ફરીયાદીના સમગ્ર પુરાવાથી આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત પુરવાર થતું નથી.

**<u>નજરે જોનાર સાહેદનો પુરાવોઃ–</u>**

(૧૮) **સા. નં. ૦૨ (આંક–૧૧) થી જગદીશભાઈ કાંતીભાઈ પટેલને** તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં ફલીત થાય છે કે, સાહેદ રાધનપુર રોડ ઉપર અર્જુન કોમ્પલેક્ષમાં ગાયત્રી ઓટો મોટરસાયકલ રીપેરીંગની દુકાન ધરાવે છે. બનાવના દિવસે ભગવતી મેડીકલ સ્ટોર આગળ રોડ ઉપર ત્રણ રસ્તા પાસે ઘણા માણસો ભેગા થયેલ હોય આ સાહેદ ત્યાં ગયેલા જયાં એક માણસ ચા ની હોટલની બાજુમાં પડેલ હતો અને લોહી આવતુ હતુ તેને પગની સાથળ તથા

હાથની આંગળીઓ ઉપર ઈજાઓ થયેલ હતી.ત્યાં બીજા ઘણા માણસો હતા પરંતુ સાહેદ તેમને જોયેથી ઓળખતા નથી.

(૧૮.૧) પુરાવામાંથી વધુ સ્પષ્ટ થાય છે કે, આરોપીઓ હાજર હોય અને એક આરોપીના હાથમાં કુહાડી હોય તેવું બનેલ નથી. અજાણ્યા માણસનું નામ પાછળથી પટેલ દિલીપભાઈ હોવાનું જાણેલ. આરોપીઓના હાથમાં કોઈ હથિયાર જોયેલ ન હોય તેઓ ઓળખી શકે નહી. આમ, આ સાહેદે પણ પોલીસ રૂબરૂના નિવેદનોને સમર્થન કરેલ ન હોય ફરી ગયેલા જાહેર કરી તેમના નિવેદનની હકીકતો વિગતવાર પુછપરછ કરવા છતાં પણ ફરિયાદીને આ કામના આરોપીઓએ ઈજા કરી રોકડ રકમ તથા સોનાની ચેઈન લુંટ કરેલ હોય તેવો લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી.

(૧૮.૨) ઉલટતપાસમાંથી સ્પષ્ટ થાય છે કે, સાહેદે ફરિયાદીને થયેલ ઈજા જોયેલી પરંતુ કોણે મારેલ તે સાહેદને ખબર નથી. આમ, ઉલટતપાસમાં વિરોધાભાસી હકીકતો સ્વીકારેલ હોઇ આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત પુરવાર થતું નથી.

<u>**પોલીસ સાહેદના પુરાવાની ચર્ચા**</u>–

(૧૯) **સા. નં. ૦૩ (આંક–૧૭) થી રાજેશકુમાર ભવાનભાઈ ભટોળને** તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં ફલીત થાય છે કે,સાહેદ તારીખ ૧૫–૧૦–૨૦૧૪ નારોજ મહેસાણા શહેર "બી" ડીવી.પો.સ્ટે. ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમના પો.સ્ટે.માં બર્ન્સ હોસ્પીટલમાંથી ડો.કિરીટ પટેલે વર્ધી લખાવેલ કે, "દર્દી નામે દિલીપભાઈ જયંતીભાઈ પટેલ, રહે. મહેસાણાવાળા જેઓ રાત્રે રાધનપુર રોડ ઉપરથી જકાતનાકા તરફ પસાર થતા હતા ત્યારે કોઈ વ્યકિતએ ધારદાર

હથિયારથી હુમલો કરતાં ડાબી જાંઘ તથા ડાબા હાથની બે આંગળીઓ ઉપર ગંભીર ઈજા થવાથી ગઈ કાલે અત્રેની હોસ્પીટલમાં ૨૧:૩૦ વાગે દાખલ કરેલ અને ઓપરેશન કરી સારવાર કરી દર્દી ભાનમાં હોઈ દર્દીનું નિવેદન મેળવશો." જે વર્ધી પી.એસ.ઓ.શ્રીએ નોંધી સાહેદ તરફ મોકલી આપેલ જે વર્ધી રીપોર્ટ આંક–૧૮ થી રજુ કરેલ છે.

(૧૯.૧) પુરાવામાંથી ફલિત થાય છે કે,વર્ધી રીપોર્ટ આધારે સાહેદ ડો.કિરીટ પટેલની હોસ્પીટલે ગયેલ જયાં ફરિયાદીએ ફરિયાદ હકીકત જાહેર કરતાં તેમના લખાવ્યા મુજબ આંક–૧૦ વાળી ફરિયાદ લખી લઈ ગુનો રજીસ્ટર થવા સારૂ આંક–૧૯ વાળો રીપોર્ટ કરેલ જે આધારે પી.એસ.ઓ.એ ગુનો રજીસ્ટર કરી આંક–૨૦ ના ડેપ્યુટ હુકમથી તપાસ સાહેદને સાંપતાં તેઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૨ વાળુ ગુનાવાળી જગ્યાનું તથા આંક–૧૩ વાળુ ફરિયાદીની શરીરસ્થિતીનું પંચનામું કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, ફરિયાદીનું સારવાર સર્ટીફીકેટ આપવા આંક–૨૧ વાળો રીપોર્ટ કરેલ જે આધારે આંક–૧૪ વાળું સર્ટીફીકેટ આવતાં કામમાં સામેલ રાખેલ.ત્યારબાદ તેમની બદલી થતાં આગળની તપાસ પી.એસ.આઈ.શ્રી આર.બી. ચૌહાણે સંભાળી લઈ આંક–૨૨ અને આંક–૨૩ વાળા કલમ વધારાના રીપોર્ટ કરેલ, આરોપીને અટક કર્યાની નોંધ થવા સારૂ આંક–૨૪ વાળો રીપોર્ટ કરેલ અને ત્યારબાદ પી.એસ. આઈ. શ્રી એમ. એન. ભોળાનાઓએ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.ફરિયાદીએ તારીખ ૧૫–૧૦–૨૦૧૪ નારોજ ફરિયાદ આપેલ તેમજ તારીખ ૧૫–૦૬–૨૦૨૫ નારોજ નિવેદન લીધેલ તેમજ તારીખ ૧૫–૧૦–૨૦૧૪

નારોજ સાહેદ જગદીશભાઈ કાંતીભાઈ પટેલનું નિવેદન લીધેલ અને તેઓએ ફરિયાદને સમર્થનકારી હકીકતો જણાવેલ.

(૧૯.૨) ઉલટતપાસમાં સ્વીકારેલ હકીકતો પરથી સ્પષ્ટ થાય છે કે, ફરિયાદ એક દિવસ વિલંબથી આપેલ છે અને તે અંગેનો કોઈ ખુલાસો કરેલ નથી. સાહેદે તપાસ કરી તેમાં આરોપીઓ પાસેથી મુદ્ધામાલ રીકવર થયેલ નથી અને હથિયાર પણ કબજે થયેલ નથી. આરોપી અને ફરિયાદી વચ્ચે કોઈ ધંધાકીય ભાગીદારી હોય અને તે છુટી થઈ હોય તેવો કોઈ દસ્તાવેજ તેમણે તપાસના કામે કબજે કરેલ નથી. આ સિવાય બચાવપક્ષે ડીનાઈલ સ્વરૂપે ઉલટતપાસ કરી સાહેદના પુરાવાને પડકારેલ છે.

આમ, ત.ક.અધિકારીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ ગુનાના કામે કરેલ કાર્યવાહીને પુનરાવર્તિત કરતો પુરાવો આપેલ છે, પરંતુ આ કામે ઉપર ચર્ચા કર્યા મુજબ ફરિયાદીએ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી તેમજ નજરે જોનાર સાહેદ જગદીશભાઈ કાંતીભાઈ પટેલ પણ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. જેથી ગુનામાં આરોપીઓની સંડોવણી સાબિત માની શકાય તેવો લેશમાત્ર પુરાવો પુરવાર થતો નથી.

**<u>સમગ્ર પુરાવાનુ મુલ્યાંકનઃ</u>**

(૨૦) આમ, સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં ફલીત થાય છે કે ફરીયાદીએ ફરીયાદના સમર્થનમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી. તેવી જ રીતે બનાવના નજરે જોનાર સાહેદ જગદીશભાઈ કાંતીભાઈ પટેલે પણ બનાવને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી. ફરિયાદી તથા સાહેદ જગદીશભાઈએ તેમના પુરાવામાં બનાવ સમયે આરોપીઓના હાથમાં હથીયાર હોવાનો પણ ઈન્કાર કરેલ છે અને આરોપીઓએ કોઇ ઈજા

પહોંચાડેલ હોવાનો પણ પુરાવો આપેલ નથી. આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ લેખીત તથા મૌખીક પુરાવાનું કાળજીપુર્વક મુલ્યાંકન કરતાં આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત પુરવાર થતું ન હોય **મુદ્દા નં. ૧ તથા ૨ નો** જવાબ **નકારમાં** આપી મુદ્દા નં. ૩ મુજબ નીચે મુજબ આખરી હુકમ પસાર કરૂં છું.

**// હુકમ //**

(૧) આ કામના આરોપી નં. **(૧) પટેલ અલ્પેશભાઈ કાંતીલાલ તથા (૨) પટેલ દિલીપભાઈ કાંતીલાલનાઓને** ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે **મહેસાણા શહેર "બી" ડીવી. પો.સ્ટે. ગુના રજીસ્ટર નંબર ફર્સ્ટ– ૨૦૬/૨૦૧૪ થી ઈ. પી. કો. કલમ–૩૯૭, ૩૯૪, ૨૦૧, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫** ના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આ કામે અપીલ થાય તો ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭(એ) અન્વયે **દરેક** આરોપીએ અપીલ અદાલતમાં હાજર રહેવા અંગે રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

(૩) આંકે પાડેલ ન હોય તેવા તમામ દસ્તાવેજો સંબંધીત પોલીસ સ્ટેશને પરત કરવા.

(૪) આરોપીઓએ સદરહું ગુનાના કામે અસલ પાસપોર્ટ જમા કરાવેલ હોય તો તે યોગ્ય ખાત્રી કરી તેમને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજ **તારીખ ૦૮, માહે એપ્રિલ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૦૮–૦૪–૨૦૨૬
મહેસાણા.

**(અંબરીષ લાલજીભાઇ વ્યાસ)**
સત્ર ન્યાયાધીશ, મહેસાણા.
GJ00508.

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.